# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 28-09-2024** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હીના મોદી** વાંચે છે.

---

1. નવરાત્રીમાં ખેલૈયાઓની સલામતી અને વેપારીઓની સરળતા સુનિશ્ચિત કરવા માટે ગૃહરાજ્ય મંત્રીએ પોલીસને સૂચના આપી
2. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે આકાશવાણી ઉપરથી મન કી બાતની 114મી કડીમાં પોતાના વિચારો રજૂ કરશે
3. રાજ્યપાલના હસ્તે સોમનાથની ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના પચાસ હજાર કરતાં વધુ વિદ્યાર્થીઓના હસ્તે પદવી એનાયત
4. રાજ્યમાં આજે પણ મેઘમહેર યથાવત .. છેલ્લા બાર કલાકમાં 147 તાલુકાઓમાં વરસાદ ..સૌથી વધુ ભાવનગરના મહુવામાં ચાર ઇચ કરતાં વધુ વરસાદ વરસ્યો
5. ગુજરાત ફૂટબોલ એસોસિએશન આયોજીત રિલાયન્સ કપ સીનિયર મેન્સ ઇન્ટર ડિસ્ટ્રિક્ટ ફૂટબોલ ટુર્નામેન્ટમાં ચેમ્પિયન બનતી જૂનાગઢની ટીમ

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

## HARSH SANGHVI

આગામી નવરાત્રીના ઉત્સવને લઇને પોલીસ તંત્રને ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ સૂચનાઓ આપી છે..

આ વર્ષે પણ વેપારીઓ સારી રીતે ધંધો રોજગાર કરી શકે અને રાજ્યના નાગરિકો ઉત્સાહપૂર્વક નવરાત્રી પર્વ ઉજવી શકે તે માટે પોલીસ તંત્રને ખાસ સૂચના અપાઈ હોવાનું શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું છે. જોકે તેમણે લોકોને કોઇને ખલેલ નપહોંચે તે રીતે નવરાત્રી ઉજવવા અપીલ કરી છે.

(બાઇટ હર્ષ સંઘવી , ગૃહરાજ્ય મંત્રી)

## AHMEDABAD NAVRATRI JAHERNAMU

અમદાવાદ પોલીસે આજે નવરાત્રિ દરમિયાન લાઉડ સ્પીકરના ઉપયોગ અંગે જાહેરનામું બહાર પાડ્યું છે.

તે અનુસાર શહેર પોલીસે 3 ઓક્ટોબરથી 11 ઑક્ટોબર સુધી એટલે કે નવરાત્રીના નવ દિવસ દરમિયાન રાત્રે 10 વાગ્યાથી 12 વાગ્યા સુધીમાં માઇક અને લાઉડ સ્પીકર સિસ્ટમ, સ્પીકર, પબ્લિક એડ્રેસ સિસ્ટમનો ઉપયોગ કરવાની મંજૂરી આપી છે. જોકે રાત્રીના 12 વાગ્યા બાદ માઇક કે લાઉડસ્પીકર વગાડવાની મંજૂરી નથી તેમ જણાવ્યું છે.

દરમિયાન રાજ્યમાં હવે નવરાત્રી લઈને કચ્છના માતાનામઢ ખાતે આશાપુરા માતાના મંદિરે કાયદો અને વ્યનવસ્થાક જળવાઈ રહે અને કોઇ અનિચ્છંનીય બનાવ ન બને તે માટે મંદિર સંકુલમાં મોબાઈલ, કેમેરા, શંકાસ્પેદ વસ્તુછઓ, શ્રીફળ લઇ જવાની મનાઇ ફરમાવવામાં આવી છે.

આ જાહેરનામાનો ભંગ કરનારને ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષની સજા થશે અને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૧૩૫ (૧)મુજબ દંડની સજા થશે.

# PM-MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે આકાશવાણી પરથી પ્રસારિત થનાર મન કી બાત કાર્યક્રમમાં વિવિધ વિષયો પર પોતાના વિચારો રજૂ કરશે. મન કી બાત કાર્યક્રમનો આ 114મો કડી છે. આવતીકાલે સવારે 11 વાગ્યે હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણીના તમામ નેટવર્ક, AIR ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઑન AIR મોબાઇલ એપ પર પ્રસારિત કરાશે.

આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પ્રધાનમંત્રી કાર્યલય તેમજ માહિતી અને પ્રસારણ મંત્રાલયના યુ-ટ્યૂબ ચેનલ પરથી પણ મન કી બાત કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરાશે.આ ઉપરાંત આવતીકાલે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો  પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

# CM

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, લઘુ ઉદ્યોગ ભારતી ગુજરાત પ્રદેશ વડોદરા જિલ્લા દ્વારા આયોજિત ક્ષેત્રીય સંમેલનને આવતી કાલે ખુલ્લું મુકશે. સયાજી હોસ્પિટલના મેડિકલ કોલેજ ઓડિટોરિયમ ખાતે યોજાનાર આ સંમેલન આવતીકાલે સવારે સાડા અગિયાર વાગે ખુલ્લુ મુકાશે.

ઉલ્લેખનીય છે કે, લઘુ ઉદ્યોગ ભારતી રાષ્ટ્રનું સૌથી મોટું ઔદ્યોગિક સંગઠન છે જે "ઉદ્યોગહિત થકી રાષ્ટ્રહિત"ના મંત્ર સાથે સૂક્ષ્મ,લઘુ અને મધ્યમ ઉદ્યોગોના હિતાર્થે કાર્ય કરી રહ્યું છે.

## Raghavji Patel - Jamnagar

રાજ્યના કૃષિ મંત્રી રાઘવજી પટેલે જામનગરમાં એક કરોડથી વધુના ખર્ચે તૈયાર થનાર ઢીંચડા ગામ પાસેના રસ્તાના કામો સહિત શહેરમાં વોર્ડ નંબર છ માં વિવિધ વિકાસકામોનું ખાતમુહૂર્ત કર્યું.

આ પ્રસંગે બોલતા તેમણે કહ્યું કે, રસ્તાઓના મજબૂતીકરણ થવાથી ઢીંચડા ગામ તથા આજુબાજુની સોસાયટીઓના લોકોની સુખાકારીમાં વધારો થશે તેમજ અવર-જવરમાં સરળતા રહેશે . તેમણે કહ્યું કે, સ્લેબ ડ્રેઇન અને રસ્તાના કામો થવાથી પાણીની સમસ્યા નહીં રહે અને વાહન ચાલકોને અગવડતાનો સામનો નહીં કરવો પડે.

# RAJYPAL PADVIDAN

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની અધ્યક્ષતામાં સોમનાથમાં ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીનો આજે ત્રીજો પદવીદાન સમારંભ યોજાયો હતો. તેમાં રાજયપાલ શ્રીના હસ્તે યુનિવર્સિટીના ૭૨ વિદ્યાર્થીઓને સુવર્ણ ચંદ્રક અને ૧૪૬ વિદ્યાર્થીઓને પીએચ.ડીની ડિગ્રી સહિત ૫૦ હજાર ૩૨૩ વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવી. આર્ટસ વિભાગનાં ૧૯ હજાર ૯, કોમર્સ અને મેનેજમેન્ટ વિભાગનાં ૧૫ હજાર ૬૪૫ સહિતના વિવિધ વિભાગોના કુલ ૫૦ હજાર ૩૨૩ વિદ્યાર્થીઓને પદવી આપવામાં આવી.

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી દ્વારા આ વર્ષે બે વ્યકિતને ડી.લીટ. ની પદવી એનાયત કરવામાં આવી. જેમાં તાલાળા તાલુકાના ઉમરેઠી ગામના વતની અને પ્રસિદ્ધ કથાકાર મહાદેવ પ્રસાદ મહેતાને સંસ્કૃત અને સંસ્કૃતિના પ્રચાર-પ્રસાર માટે તેમજ ઉનાના પાંચાભાઇ દમણિયાને આયુર્વેદ ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદાન માટે ડી.એસસી.ની પદવી એનાયત કરવામાં આવી હતી.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટ્વિટર હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

## Gujarat tourism

કેન્દ્રિય પ્રવાસ મંત્રાલય દ્વારા છોટાઉદેપુર જિલ્લાના ક્વાંટ તાલુકાના ‘હાફેશ્વર ગામને વારસા શ્રેણીમાં "શ્રેષ્ઠ ગ્રામીણ પર્યટન ગામનો પુરસ્કાર જાહેર કરવામાં આવ્યો છે. તેના પરિણામે હાફેશ્વર ગામને વૈશ્વિકસ્તરે વિશેષ સ્થાન મળ્યું છે.

આકાશવામી સાથે સંવાદ કરતાં છોટાઉદેપુર જિલ્લાના તલાટી સંજય રાઠવા જણાવેય છે કે, હાફેશ્વર ગામને 10 કરોડ રૂપિયાના ખર્ચે વિકસાવવામાં આવી રહ્યું છે.

(તલાટી સંજય રાઠવા – છોટાઉદેપુર)

## Rain

રાજ્યમાં ફરી વરસાદી મોહાલ સર્જાયો છે. સવારના છ વાગ્યાથી સાંજના છ વાગ્યા દરમિયાન રાજ્યમાં 147 તાલુકામાં વરસાદ થયાના અહેવાલ છે. ભાવનગર જિલ્લાના મહુવામાં સૌથી વધુ ચાર ઇંચ વરસાદ જ્યારે અડધા ઇંચથી ઓછો વરસાદ ગાંધીનગર, પેટલાદ, વંથલી, કેશોદ, દાહોદ, નાંદોદ અને ઉના તાલુકામાં પડ્યો છે.

વાતાવરણમાં પલટો થતાં અમદાવાદના કેટલાંક વિસ્તારોમાં વરસાદ નોંધાયો છે.

બોટાદ જિલ્લાના બરવાળા અને ગઢડા સહિત ગ્રામ્ય વિસ્તારોમાં ગાજવીજ સાથે વરસાદ થયો છે.

મહીસાગર જિલ્લાના મુખ્ય મથક લુણાવાડા, સંતરામપુર, કડાણા, ખાનપુર તેમજ વિરપુર તાલુકાનાં ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદ થયો હોવાના અહેવાલ છે. જિલ્લામાં સાર્વત્રિક વરસાદ થતાં ખેડૂતો ચિંતામાં મુકાયા છે. વરસાદના કારણે અતિ પ્રાચીન રવેડીના મેળામાં પણ ભારે અસર જોવા મળી છે. ઉપરાંત જિલ્લાના કડાણા ડેમમાં પાણીની આવક થતાં ડેમના 10 દરવાજા ખોલીને મહી નદીમા પાણી છોડતા નદી કાંઠાના 22 ગામને એલર્ટ આપવામાં આવ્યું છે.

વલસાડ જિલ્લામાં આજે દિવસ દરમિયાન એક  ઇંચ જેટલો વરસાદ નોંધાયો. જિલ્લામાં મોડી રાત્રે ગાજવીજ સાથે થયેલા વરસાદને લીધે નીચાણ વાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા અને વાહન વ્યવહારને અસર થઈ હતી.

# Sardar Sarovar Narmada Dam

ઉપરવાસમાં થયેલ ભારે વરસાદના કારણે સરદાર સરોવર નર્મદા બંધના ૧૦ દરવાજા એક પોઇન્ટ 3 મીટર ખોલવામાં આવ્યા છે અને નર્મદા નદીમાં એક લાખ, 45 હજાર ક્યુસેક પાણીની આવક થઈ છે. નર્મદા ડેમ ૧૩૮.૪૦ મીટર, કરજણ ડેમ ૧૧૩.૮૩ મીટરની સપાટીએ પહોંચ્યો છે.

# FOOTBALL FINAL

ગુજરાત રાજ્ય ફૂટબાલ એસોશિએશન દ્વારા યોજાયેલી 42 મી રિલાયન્સ કપ સીનિયર મેન્સ ઇન્ટર ડિસ્ટ્રિક્ટ ફૂટબોલ ટુર્નામેન્ટ જૂનાગઢની ટીમે જીતી લીધી છે.

આજે સવારે ગાંધીનગર ખાતે રમાયેલી ફાઇનલ મેચમાં જૂનાગઢની ટીમે ગાંધીનગરને 4-0થી પરજય આપ્યો હતો. મેચની શરૂઆતથી જ જૂનાગઢની ટીમે મેચ ઉપર પકડ જમાવી દીધી હતી. છેલ્લે જૂનાગઢનીફૂટબોલ ખેલાડીઓએ શાનદાર પ્રદર્શન કરીને મેચ જીતી લીધી હતી.

# Arogya Camp Tapi

તાપીમાં પ્રભારી અને પાણી પુરવઠા વિભાગના મંત્રી મુકેશ પટેલના અધ્યક્ષ સ્થાને નિઃશુલ્ક મેગા મેડિકલ  કેમ્પ યોજાયો હતો. આ મેડિકલ કેમ્પમાં 62 ગામોના સાત હજારથી વધુ લાભાર્થીઓએ નોંધણી કરાવી હતી.

આ કેમ્પમાં સાત હજાર ચશ્માનું વિતરણ, દિવ્યાંગો માટે ૧૦૦૦ વ્હીલચેર, સિકલસેલના દર્દીઓ માટે ૫૦૭ કીટ, કુપોષિતો માટે ૬૫૦૦ કીટનું વિતરણ કરાયું હતું. વનવિભાગ દ્વારા એફ.આર.એ.ના ૧૨૧ લાભાર્થીઓને પંપસેટ અર્પણ કરાયા હતા.

# Daman National Lok Adalat

કેન્દ્ર શાસિત પ્રદેશ દમણ અને દીવમાં કાનૂની સેવા સત્તા મંડળ દમણ અને દમણ બાર એસોસિએશન દ્વારા દમણ કોર્ટ પરિસરમાં રાષ્ટ્રીય લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું.

આ રાષ્ટ્રીય લોક અદાલતમાં સિવિલ, ક્રિમીનલ, બેંક, નગરપાલિકા, ગ્રામ પંચાયતના કેસોનું સમાધાન કરવામાં આવ્યું હતું.

દમણના સીજેએમ પી.એચ. બનસોડ તેમજ જેએમએફસી ઓ.જે.કુલકર્ણી મુખ્યત્વે હાજર હતા તેમજ એડવોકેટ પણ હાજર રહ્યા હતા. દરમિયાન દીવમાં સિવિલ જજ અમિત.પી.કોકાટે ની અધ્યક્ષતામા 313 કેસો સમાધાન માટે મૂકવામાં આવ્યા હતા જેમાં થી 18 કેસ નું સુખદ સમાધાન કરવામાં આવ્યું હતું,

# Arvachin garabā  Bhavnagar

ભાવનગરમાં રમત ગમત યુવા સેવા સાંસ્કૃતિક પ્રવુતિઓ અને જિલ્લા સાંસ્કૃતિક પ્રવૃત્તિની કચેરી દ્વારા અર્વાચીન ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભાવનગરની જાણીતી સામાજિક સંસ્થા શિશુવિહારની બહેનોએ અર્વાચીન ગરબાની સ્પર્ધામાં પ્રથમ ક્રમ મેળવ્યો છે.

## Swachchta Hi Seva

સ્વચ્છતા હી સેવા અંતર્ગત સમગ્ર રાજ્યમાં અત્યાર સુધીમાં પંદર હજારથી વધુ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે.

જામનગર જિલ્લાની જાંબુડા ગ્રામ પંચાયત ખાતે કેબિનેટ મંત્રી રાઘવજી પટેલના અધ્યક્ષ સ્થાને "સ્વચ્છતા હી સેવા" અભિયાન અંતર્ગત સખી ટોક શો યજાયો જેમાં સખી મંડળના બહેનો દ્વારા સ્વચ્છતામાં મહિલાઓનો ફાળો, કમ્પોસ્ટિંગનું મહત્વ, વર્મી કમ્પોસ્ટીંગ અને પશુ શેડની સ્વચ્છતા અંગે મહિલાઓને માર્ગદર્શન આપવામાં આવ્યું.

વડોદરા જિલ્લાના 32 ગામોમાં સ્વચ્છતા હી સેવા અંતર્ગત 'સખી ટોક શૉ' યોજાયો. સ્વચ્છતા, કચરા વ્યવસ્થાપન અને પોષણ જેવા વિષય પર મહિલાઓ સાથે સંવાદ કરવામાં આવ્યો. "એક પેડ મા કે નામ" અંતર્ગત વૃક્ષારોપણ કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો હતો.

ભાવનગર જિલ્લાની સેન્ટ્રલ સોલ્ટ એન્ડ મરીન કેમિકલ્સ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, વાણીજ્ય વિભાગ, રેલવે ડિવિઝન કચેરી અને એક સ્વાયત સંસ્થાના સંયુક્ત ઉપક્રમે ભાવનગર રેલ્વે સ્ટેશન ખાતે સ્વચ્છતા અભિયાન હાથ ધરાયું. સ્વચ્છતા હી સેવા નુક્કડ નાટક દ્વારા મુસાફરોને સ્વચ્છતા અંગે જાગૃતી ફેલાવવામાં આવી

ડાંગ જિલ્લાના કરંજડા ગામે "એક પેડ મા કે નામ" અભિયાન અંતર્ગત રાજ્યમંત્રી મુકેશ પટેલના અધ્યક્ષ સ્થાને વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો. આ પ્રસંગે શ્રી પટેલે "વન કવચ"નું લોકાર્પણ પણ કર્યું. તેમના સંબોધનમાં તેમણે ગ્રામજનો સાથે મળીને અઢી હજાર વૃક્ષોનું વાવેતર કર્યું.શ્રી પટેલે નાગરિકોને વધુમાં વધુ વૃક્ષો વાવવાની અપીલ કરી.

તો નવસારી જિલ્લામાં પણ "કચરામાંથી કંચન"ની વિષયવસ્તુ સાથે 'સખી ટોક શો' યોજાયો. જેમાં કચરામાંથી ખાતર બનાવી કૃષિમાં ઉપયોગ કરવા અંગે સમજણ આપવામાં આવી. આ કાર્યક્રમમાં સ્વચ્છતા, પ્રાકૃતિક ખેતી જેવા વિષય પર ચર્ચા કરવામાં આવી